## ‘દિકરીને ગાય દોરે ત્યા જાય’, ‘દિકરીને સાપનો ભારો’ આ બધી કહેવતો હવે ખોટી

# હૃદયના ભાવો અને મનની કલ્પનાઓ સરવાળો એટલે ‘ફલો આર્ટ’ ની કલાકૃતિઓ

SANDESH - AHMEDABAD 19-4-1996

આણંદ, તા.૧૮

દિકરીને ગાય દોરે ત્યાં જાય એ કહેવત હવે જૂની થયી ગઈ હવે તો દિકરી જયાં દોરે ત્યાં કુટુંબ અને સમાજ ચાલતો થઈ ગયો હોવાના બનાવો બનવા પામ્યા છે જૂના જમાનાની આવી કંઈક કેટલીક કહેવતો શ્રી કલ્પના અમીને ભૂલવી દીધી છે ‘દિકરી સાપનો ભારો’ કહેવત પણ જૂની થઈ ગઈ આજે કલ્પના બેનની બહેનો અને દિકરીઓ એ સાપનો ભારો નહી પરંતુ એ કુટુંબનું ગૌરવ તરીકે ટોચ ઉપર પહોંચ્યા છે મૂળ આફ્રિકાના રહેવાસી એવુ કહી શકાય તે કલ્પનાબેનના લગ્ન શરદભાઈ અમીન સાથે થયા ત્યારે કલ્પનાબેને કહ્યું કે હું અંતરની ભાવનાથી જીવુ છું, અંતરના ભાવો સાથે સંકળાયેલી છું ત્યારે પતિ શરદભાઈએ કહ્યું એમાં ખોટું શું છે આજ તો તારા જીવનનું લક્ષ છે, પતિ-પત્ની તરીકે જીવન જીવતા સામાજિક ફરજો અદા કરતા તારે તારુ લક્ષ, ધ્યેય પર પાડવાનું છે અને હું મારું ધ્યેય પાર પાડીશ અને શ્રી કલ્પનાબેન અમીને પોતાની કલ્પનાઓને માટીમાં ભેળવી દીધી અને તૈયાર કરી ઉત્કૃષ્ઠ કલાકૃતિઓ જયારે શરદભાઈએ પોતાની આવડત ‘વામસ્ટીલ’ માં નીચોવી.

આફ્રિકામાં બાળપણ ગુજાર્યું અભ્યાસ કેમ્બ્રિજમાં કર્યો, કુટુંબમાં પાંચ બહેનો અને પાંચે બહેનોમા ભગવાને એક વધારાનો ગુણ મુકયો, વધારાની આવડત મૂકી, અને તે કલા અરે કલ્પનાની...કદાચ એટલે જ કલ્પનાબેનના કુટુંબીજનોએ આ બાળાનું નામ કલ્પના રાખ્યું નાનપણથી ‘કુમાર’ મેગેઝીનમાં ભારતીય સંસ્કૃતિના લેખો વાચે, કલાકૃતિ જુએ અને તે મનમાં અંકિત થઈ જાય, બાળપણથી આફ્રિકન દેશોમાં ફરેલા પરંતુ નજરમાં જે સંસ્કૃતિ જુએ તે મગજના ચિત્રપટ પર અંકીત થઈ જાય જમવાનું બનાવતા ઘઉનો લોટ બાંધતા બાંધતા અનાયાસે લોટમાંથી કોઈ પણ આકૃતિ બંધાયી જતી. ઘરમાં સૌ સમજી ગયા કે આ કલાનો જીવડો છે તેને પ્રોત્સાહન વિદ્યાનગરમાં રહેતા શ્રી કલ્પનાબેને જણાવ્યું કે પહેલેથી ફરવાનો શોખ અને

જુદી જુદી સંસ્કૃતિઓ જોયા પછી મન તેમાં ઓતપ્રોત થઈ જતું આમ કલ્પનાબેને મોરના ઈંડા જેમ ચીતરવા ન પડે તે પ્રમાણે તેમના નામને સાર્થક કર્યું.

લગ્નબાદ વિદ્યાનગરમાં પતિ શ્રી શરદભાઈ સાથે રહેવા આવ્યા ત્યારે કલ્પનાબેને પોતાની આ કલાને આગળ વધારવા ઈચ્છા વ્યક્ત કરી શરદભાઈએ તેમને પ્રોત્સાહિત કર્યા અને આજે



હૃદયમાં ઉભા થતા ભાવોને મનની કલ્પનાની આંખે તૈયાર કરવાનું કામ કલ્પના બેન કરી રહ્યા છે માટીમાંથી વિવિધ કલાકૃતિઓ બનાવવામાં માહેર ‘ફલો આર્ટમાં’ આજે મોગલશૈલી, ઈજીપ્સ્યન, મેકસીકન, થાઈલેન્ડ, ચાઈનીઝ, સૌરાષ્ટ્ર, ગુજરાત મારવાડની સંસ્કૃતિને કલારૂપે કંડારેલી જોવા મળે છે તેમાની અલભ્ય એવી કલાકૃતિઓ પૈકીની એકની તસવીર.

વિદ્યાનગરમાં એક હજાર સ્કવે ફીટ જગ્યાના મકાનમાં મોગલશૈલી, ઈજીપ્સ્યન, મેક્સીકન, થાઈલેન્ડ, ચાઈનીઝ, મારવાડી, ગુજરાતી, ગોવાળો, જૂની ગામઠી રહેણી કરણીની આશરે ૨૦૦ જેટલી માટીમાંથી બનાવેલી કલાકૃતિથી રહેઠાણનું મકાન એ આર્ટ ગેલેરી બની ગઈ છે.

મનની કલ્પનાને માટીમાં સાકાર કરી બનાવેલી કલાકૃતિના અઢળક પ્રદર્શનો કર્યા જેમાં વડોદરા, નાગપુર, મુંબઈ, અમદાવાદ, અને પરદેશમાં યોજયા.

આજે અમદાવાદને વડોદરા જેવા મોટા શહેરોમાં બનતા અદ્યતન ફલેટો અને બંગલાઓમાં તેમની કલાકૃતિ જ સૌત્પ્રથમ તમારુ સ્વાગત કરતી નજરે પડશે. વિવિધ મુદ્રામાં ગણપતિ બનાવવામાં તેમની માસ્ટરી છે આ આવા ગણપતિ બનાવતા તે એટલા ઓતપ્રોત થઈ જાય છે કે એ ગણપતિની મૂર્તિ જોયા પછી આપણને લાગે કે સાક્ષાત ગણપતિ આપણી સામે બેઠા છે..

શ્રી કલ્પનાબેનને બે દિકરીઓ બંને દિકરીઓને પણ કલા વિષયમાં રસ છે અને કલ્પનાબેનને પૂરો ટેકો મળતા બંને દિકરીઓ પૈકી એક દિકરી વધુ આ અભ્યાસ કરવા પરદેશ જેવા વિચારી રહી છે.

‘ફલો આર્ટ’ નામ પાછળનું રહસ્ય પૂછતા કલ્પનાબેને જણાવ્યું કે કળા એ શીખવાની નથી હોતી અંતરની વાતો, અંતરના ભાવો, લાગણીઓ પ્રવાહરૂપેં વહે અને તેને વસ્તુરૂપે સાકાર કરવી તે કલાકૃતિ, ફલો એ હૃદયમાંથી ઉમટેલા ભાવો, કલ્પનાઓ, છે અને અહી આવનાર પ્રત્યેક કલાકારને તેના ભાવોને સાકાર કરવાનું કામ આ ફલો આર્ટ કરશે.

અમદાવાદ વડોદરા વચ્ચે કોઈ આર્ટ ગેલેરી નથી કે જયાં જઈને કુદરતી અને સામાજિક સૌંદર્ય આપણે સાકાર રૂપે માણી શકીએ અમદાવાદ અને વડોદરા વચ્ચે વિદ્યાનગરમાં આવી એક આર્ટ ગેલેરી બનાવવાનું મારુ સ્વપ્ન છે. અત્યારે આર્ટ ગેલેરીમાં મારી એકલીની કલાકૃતિઓ છે પરંતુ અમદાવાદ અને વડોદરા અને સૌરાષ્ટ્રના કલાકારોની પણ ઉત્કૃષ્ઠ કૃતિઓ અહી આવે તો આ એક સુંદર આર્ટ ગેલેરી થશે.

શ્રી કલ્પનાબેને જણાવ્યું કે, ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓ જયારે ભણતા હોય છે ત્યારે ભણતા ભણતા કેટલીકવાર ઉત્કૃષ્ઠ કલા કામગીરી બનાવતા હોય છે પરંતુ તે પ્રેક્ટીકલ હોવાથી તેની કિંમત હોતી નથી અમારુ ધ્યેય આવા બાળકોને આવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે તે છે અને તે માટે એક ટ્રસ્ટ બનાવીને મોટી જમીન લઈને વર્કશોપ કરવાનું પણ આયોજન છે.

વલ્લભ વિદ્યાનગર ખાતે રઘુવીર ચેમ્બર્સ અને ન્યુ હોસ્ટેલ પાસે આવેલા ‘મનહર કુંજ’ ખાતે ‘ફલો આર્ટ’ આર્ટ ગેલેરીનું ઉદ્દઘાટન રવિવારે સાંજે ૪ વાગે આર્કિટેક્ટ શ્રી સૂર્યકાંત પટેલના હસ્તે રાખવામાં આવ્યું છે.